સરકારી કુમાર છાત્રાલય(અ.જા.), પાલનપુર, જિ.બનાંસકાંઠાના મકાનના રીપેરીંગકામોના ખર્ચને વહીવટી મંજૂરી આપવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: **SJED/MSM/e-file/17/2024/0173/G**
સચિવાલય, ગાંધીનગર
તા.૨૫/૧૧/૨૦૨૪

**વંચાણે લીધા:**

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરીના તા.૨૨/૧૧/૨૦૨૩ના પત્ર ક્રમાંક: અજાક/ગ/સછા/૨૦૨૩-૨૪/૫૦૨૦
(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરીના તા.૨૨/૧૧/૨૦૨૩ના પત્ર ક્રમાંક: અજાક/ગ/સછા/૨૦૨૩-૨૪/૫૦૨૧

**આમુખ:**

અનુસૂચિત જાતિના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીને અન્ય વર્ગોના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓની જેમ શિક્ષણની તક મળે તેમજ તેઓ ઉચ્ચ અભ્યાસ કરવા પ્રેરાય તે માટે રાજ્યભરમાં સરકારી છાત્રાલયો(કન્યા અને કુમાર) ખાતે ધોરણ ૧૧ અને તેનાથી ઉપરના અભ્યાસક્રમો માટે રહેવા, જમવાની સુવિધા નિ:શુલ્ક આપવામાં આવે છે. વંચાણે લીધેલા ક્રમાંક (૧) પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૨૨/૧૧/૨૦૨૩ના પત્રથી સરકારી કુમાર છાત્રાલય(અ.જા.), પાલનપુર, જિ.બનાંસકાંઠાના મકાનમાં પ્લમ્બીંગ વર્ક, બારીબારણાના રીપેરીંગકામો માટે રૂ.૨,૭૦,૦૦૦/- તેમજ વંચાણે લીધેલ ક્રમાંક(૨) પરના તા.૨૨/૧૧/૨૦૨૩ના પત્રથી નવું લાઇટ ફીટીંગ, પંખા અને લાઇટના રીપેરીંગકામો માટે રૂ.૧૩,૭૦,૩૩૮/- એમ કુલ રૂ.૧૬,૪૦,૩૩૮/-(અંકે રૂપિયા સોળ લાખ ચાલીસ હજાર ત્રણસો આડત્રીસ પુરા) ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ, જે બાબત સરકારશ્રીના વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

કાળજીપુર્વકની વિચારણાને અંતે, સરકારી કુમાર છાત્રાલય(અ.જા.), પાલનપુર, જિ.બનાંસકાંઠાના મકાનમાં પ્લમ્બીંગ વર્ક, બારીબારણાના રીપેરીંગકામો માટે રૂ.૨,૭૦,૦૦૦/- તેમજ સદર છાત્રાલય ખાતે નવું લાઇટ ફીટીંગ, પંખા અને લાઇટના રીપેરીંગકામો માટે રૂ.૧૩,૭૦,૩૩૮/- એમ કુલ રૂ.૧૬,૪૦,૩૩૮/-(અંકે રૂપિયા સોળ લાખ ચાલીસ હજાર ત્રણસો આડત્રીસ પુરા)નો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આથી નીચેની શરતોને આધીન આપવામાં આવે છે.
(૧) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
(૨) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.
(૩) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.
(૪) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. તેમજ બચત રહેતી રકમ વર્ષના અંતે સરન્ડર કરવાની રહેશે.
આ અંગેનો ખર્ચ બજેટ હેડ માંગણી નં – ૯૫, મુખ્ય સદર – ૪૨૨૫, અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ, અન્ય પછાતવર્ગો અને લઘુમતિઓનું કલ્યાણ અંગે મૂડી ખર્ચ, પેટા મુખ્ય સદર – ૦૧ અનૂસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર – ૨૭૭ શિક્ષણ, પેટા સદર – ૦૪ **SCW-32** સરકારી મકાનોના અપગ્રેડેશન અને મોર્ડનાઇઝેશનની જોગવાઈમાંથી કરવાનો રહેશે.

eSign
Signed by: SANTOSHKUMAR SURESHBHAI VASAVA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 25-Nov-2024 (02:50 PM)

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ઈ ફાઈલ પર નાણાવિભાગની તા.૧૧/૧૧/૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign Signed by: SANTOSHKUMAR SURESHBHAI VASAVA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 25-Nov-2024 (02:50 PM)

(સંતોષ વસાવા)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના:

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)મા અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(નાણા વિભાગ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ, ગુજરાત
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર
- કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, પાલનપુર, જિ.બનાંસકાંઠા
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.)(નિયામકશ્રી, અ.જા.ક. મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ. શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર તરફ ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવાની વિનંતી સાથે.
- સિલેક્ટ ફાઈલ – ૨૦૨૪